રાજયમાં ટ્રાફિક અમલીકરણ અંગે માર્ગ સુરક્ષા
નિધિ (ભંડોળ)નો ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:ટફક/૧૦૨૦૧૬/૭૬૩/ટ
સચિવાલય, ગાંધીનગર.
**તા.૨૦/૦૬/૨૦૧૯**

**વંચાણે લીધા :**

(૧) ગૃહ વિભાગનો તા.૧૫/૬/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૯૮/૭૭૭/વ.

(૨) ગૃહ વિભાગનો તા.૨૦/૦૬/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૨૦૦૫/૨૭૯૩/વ

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧૨/૨૦૧૮ના પત્ર ક્રમાંક: મપબ/૧૦૨૦૧૮(૭૩)/કેયુ/પાર્ટ ફાઇલ

**<u>પ્રસ્તાવના :</u>**

૧. વંચાણમાં લીધેલ ક્રમ:(૧) સામેના તા.૨૦/૦૬/૨૦૦૭ના ઠરાવથી રાજયમાં ટ્રાફિક સમસ્યા નિવારવા માર્ગ સુરક્ષા નિધિ (ભંડોળ)નો ઉપયોગ કરવા સૂચનાઓ આપવામાં આવેલ. પરંતુ વર્તમાન સમયમાં શહેર/જિલ્લા કચેરીઓની ટ્રાફિક ફંડની વધતી જરૂરીયાતને ધ્યાને લેતાં શહેર/જિલ્લા કચેરીઓને તેઓ દ્વારા વસૂલ કરવામાં આવેલ દંડની રકમ મુજબ ગ્રાન્ટ ફાળવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરવામાં આવે છે.

**<u>ઠરાવ :</u>**

૨. ગુજરાત રાજય માર્ગ સુરક્ષા નિધિના યોગ્ય અમલીકરણ માટે પુખ્ત વિચારણાને અંતે ગૃહ વિભાગના તા.૨૦/૦૬/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:ટફક/૧૦૨૦૦૫/૨૭૯૩/વના ફકરા(૩)ની જોગવાઈ આથી રદ કરવામાં આવે છે અને તેને સ્થાને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

**(૧) ગુજરાત રાજય 'માર્ગ સુરક્ષા નિધિ'માંથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના પી.એલ.એ.માં જમા થયેલ રકમનો ઉપયોગ નીચે મુજબ કરવાનો રહેશે.**

**(ક) ૫૦ % રકમ ટ્રાફિક બ્રિગેડ, હોમગાર્ડઝ/સિવિલ ડીફેન્સના જવાનો તથા જી.આર.ડી.ના જવાનોને સેવા બદલ ખર્ચ કરવા**

**(ખ) નિધિમાંથી ઉક્ત (ક)માં દર્શાવેલ ૫૦ % રકમ બાદ કરતાં બાકી રહેતી રકમના ૪૦ % રકમ ડી.જી.પી. હસ્તક રાજય સ્તરે ટ્રાફિક નિયમન અર્થે**

**(ગ) નિધિમાંથી ઉક્ત (ક)માં દર્શાવેલ ૫૦ % રકમ બાદ કરતાં બાકી રહેતી રકમના ૬૦ % રકમમાં જે શહેર/જિલ્લાએ કુલ દંડના જેટલા % (ટકા) દંડ વસુલ કરેલ છે તે મુજબ તેમને રકમની ફાળવણી શહેર/જિલ્લાઓ ખાતે આધુનિક ઉપકરણો ખરીદવા અને ટ્રાફિક જાગૃતિ અર્થે કરવી.**

**(૨) ગુજરાત રાજય 'માર્ગ સુરક્ષા નિધિ'માંથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના પી.એલ.એ.માં જમા થયેલ રકમમાંથી ઉકત પારા-૨(૧)(ખ) મુજબની** રકમ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની હસ્તક રહેશે, તથા આ અનુદાનમાંથી નીચે મુજબની કામગીરી માટે ખર્ચ કરવાનો રહેશે.

(૧) પાયલોટ પ્રોજેકટ

(૨) ન્યુ ડેવલોપમેન્ટને લગતી કામગીરી

(૩) ટ્રાફિકને લગતી સ્ટડીઝ (અભ્યાસ)

(૪) ટ્રાફિકને લગતા ઇનોવેશન

(૫) મોનીટરીંગ અને ઇવેલ્યુએશન (મુલ્યાંકન)ને લગતી કામગીરી

(૬) ટેન્ડરીંગને લગતી કામગીરી

(૭) સી.સી.ટી.વી. ટેમ્પરરી ડીપ્લોયડ ફોર કી–ઇવેન્ટ (અગત્યના કાર્યક્રમો માટે હંગામી ધોરણે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબતની કામગીરી)

(૮) ટ્રાફિકની સમસ્યા પ્રત્યે જાગૃતિ લાવવા માટે

(૯) વિભાગના તા.૧૫/૦૬/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક:ટફક/૧૦૯૮/૭૭૭/વથી નિયત થયેલ હેતુઓ મુજબ

(૧૦) ટ્રાફિક નિયમનની કામગીરી સંબંધિત અન્ય અગત્યના કાર્યો.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના હસ્તકની રકમનો ખર્ચ કરતા પહેલા ખર્ચનું વિગતવાર આયોજન કરી, ટ્રાફિક મેનેજમેન્ટ કમિટીની મંજૂરી મેળવીને, મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) ગુજરાત રાજય 'માર્ગ સુરક્ષા નિધિ'માં જમા થયેલ રકમમાંથી ઉકત પારા-૨(૧)(ગ) મુજબની રકમ શહેર/જિલ્લાઓની હસ્તક રહેશે, તથા આ અનુદાનમાંથી નીચે મુજબના કાર્યો કરવાના રહેશે.

(૧) રોડ પર વ્હાઇટ સ્ટ્રીપ (સફેદ પટ્ટા) લગાવવા.
(૨) સીગ્નલને લગતા કામો માટે
(૩) સાધન સામગ્રીની ખરીદી માટે
(૪) ઓપરેશન એન્ડ મેનેજમેન્ટ
(૫) આઇ.ટી.. સોફ્ટવેર/સોલ્યુશન
(૬) ટ્રાફિકની સમસ્યા પ્રત્યે જાગૃતિ લાવવા માટે
(૭) વિભાગના તા.૧૫/૦૬/૨૦૦૧ના ઠરાવ ક્ર-ટફક/૧૦૯૮/૭૭૭/વથી નિયત થયેલ હેતુઓ મુજબ
(૮) ટ્રાફિક નિયમનની કામગીરી સંબંધિત અન્ય કોઈપણ વ્યાજબી કામગીરી માટે

જે તે શહેર/જીલ્લાએ જે રકમ ફાળવવામાં આવેલ તે રકમનો ખર્ચ કરતા પહેલા ખર્ચની વિગતવાર આયોજન કરી, ટ્રાફિક મેનેજમેન્ટ કમિટીની મંજૂરી મેળવીને મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે. આ માટેનો એકશન પ્લાન દર વર્ષે ૩૦ એપ્રિલ સુધીમાં પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ટ્રાફિક શાખા, પોલીસ ભવન, ગાંધીનગર મારફત વિભાગને રજૂ કરવાનો રહેશે. ૩૦મી જુન સુધીમાં એકશન પ્લાન વિભાગને મળે નહીં તે સંજોગોમાં ટ્રાફિક મેનેજમેન્ટ કમિટિ ઉપલબ્ધ ફંડના ખર્ચ અંગે નિર્ણય લેશે.

૩. આ વિભાગના તા.૨૦/૦૬/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૨૦૦૫/૨૭૯૩/વના ફકરા(૩)ની જોગવાઈ સિવાયની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

૪. આ ઠરાવ સરખા ક્રમાંક પરની ફાઇલ ઉપરની નાણા વિભાગની તા.૩૧/૦૫/૨૦૧૯ અને સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(મહેન્દ્ર આર. સોની)**
નાયબ સચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ,**

૧. *માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
૨. માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સવર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સવર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૪. અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી/સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સચિવાલયના સર્વે વિભાગઓ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૨. કમિશ્નરશ્રી, વાહન વ્યવહાર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૩. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
૧૪. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, જુનાગઢ, જામનગર, ભાવનગર.
૧૫. સર્વે કલેકટરશ્રી
૧૬. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.

૧૭. સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
૧૮. પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૯. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી(ટ્રાફીક), અમદાવાદ અને સુરત શહેર.
૨૦. નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ટ્રાફીક), વડોદરા અને રાજકોટ શહેર
૨૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ, રાજકોટ.
૨૨. સર્વે જિલ્લા તિજોરી અધિકારીઓ
૨૩. વિભાગના તમામ સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી.
૨૪. વિભાગની આઇ.ટી.શાખા આ ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
૨૫. સીલેક્ટ ફાઇલ.